NAVSARI AGRICULTURAL UNIVERSITY

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી- ૩૯૬ ૪૫૦

ડૉ. ટી.આર.અહલાવત
ઇ./ચા.સંશોધન નિયામક

Azadi Ka Amrit Mahotsav

---

વંચાણે લીધા : ૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સનિ/વિકાસખર્ચ/૩૨૪૪-૪૬/૨૦૨૨ તા.૦૬/૦૫/૨૦૨૨
૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સનિ/૯૦૦૪-૯૦૨૯/૨૦૨૧ તા.૩૦/૧૦/૨૦૨૧

**GeM બહાર ખરીદી કરવા NOC માટેની માહિતી મોકલી આપવા બાબત....**

# -:: પરિપત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપશ્રીના યુનિટ/સબયુનિટ હસ્તકની વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) યોજનાઓમાં ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્ર ક્રમાંક ૧ અનુસાર નોન રીકરીંગ સદરે સરકારશ્રીમાંથી સાધનો મંજુર કરવામાં આવેલ છે. આ ઉપરાંત આપના હસ્તકની નોન-પ્લાન/આઇસીએઆર/અધર એજન્સી/રીવોલ્વીંગ ફંડ વગેરે યોજનાઓમાં ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન વિવિધ નોન રીકરીંગ તેમજ રીકરીંગ સદરે જે ખરીદીઓ કરવાની થાય છે, તે સરકારશ્રીના તેમજ અત્રેની કચેરીના વખતો વખતના પરિપત્રો અનુસાર GeM દ્વારા જ કરવાની થાય છે. જે સાધનો/ચીજ વસ્તુઓની ખરીદી GeM પર શકય ન હોઈ માત્ર તેવા સાધનો/ચીજ વસ્તુઓની GeM બહારથી નિતિ-નિયમો અનુસાર ખરીદી માટે N.O.C. મેળવી શકાય તે હેતુથી નીચે દર્શાવ્યા મુજબની વિગતોએ તાત્કાલિક કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. જેથી યુનિવર્સીટીની ખરીદીઓ સમયાનુસાર પૂર્ણ થઇ શકે.

- મંજુર થયેલ સાધનોની ખરીદી GeM પરથી ડાયરેક પરચેઝ / L1 પરચેઝ (સરખામણી કરીને) અથવા બીડ વગેરે દ્વારા કરવા માટે કાર્યવાહી કરવી.
- જો ૫ લાખથી ઉપરની ખરીદી હોઈ અને બીડ દ્વારા ખરીદી કરવી શક્ય ન બને તો સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી કસ્ટમ બીડ/BOQ કરીને ખરીદીની પ્રક્રિયા કરવી.
- ઉપરોક્ત કાર્યવાહી કર્યા બાદ પણ GeM પરથી ખરીદી થઇ શકે તેમ ન હોઈ તો જ અત્રેની કચેરીને N.O.C. માટે દરખાસ્ત કરવાની રહેશે. વધુમાં કોઈ પણ કચેરીએ N.O.C. માટે ગાંધીનગર ખાતે સીધી દરખાસ્ત કરવી નહી.
- ૧ કરોડથી વધારે કિંમતના સાધનો માટે N.O.C.ની દરખાસ્ત અલગથી કરવાની રહેશે.

- અત્રેની કચેરીને દરખાસ્ત કરતી વખતે GeM પરથી ખરીદી માટે કરેલ કાર્યવાહીના તમામ આધાર-પુરાવાઓ, GeM Availability Report, વંચાણે લીધેલ પરિપત્ર – ૨ મુજબની સમિતીની **GeM** બહાર ખરીદી કરવા અંગેની સ્પષ્ટ ભલામણ વગેરે ફરજીયાત પણે સામેલ કરવાનું રહેશે. અન્યથા દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહી.
- ઉપરોક્ત તમામ કામગીરી તા. ૧૦/૦૬/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ **N.O.C.** માટેની વિગતો સામેલ પત્રક-૧ માં ભરી સહી સિક્કા સાથે અત્રેની કચેરીને હાર્ડ કોપીમાં તથા ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં સોફ્ટ કોપીમાં ઈમેઈલ દ્વારા માત્ર gem@nau.in પર જ તા. ૧૪/૦૬/૨૦૨૨ સુધીમાં અચૂક મોકલી આપવાની રહેશે.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/GeM/ ૩૪૬૯-૭૦ /૨૦૨૨
તા.૧૭.૦૫.૨૦૨૨
<u>સામેલ</u>: પત્રક-૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના:</u>

૧. માન. કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી તરફ જાણ સારૂ
૨. નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.

## પત્રક-૧

| ક્રમ નં. | સાધન/ચીજ વસ્તુઓનું નામ | મુખ્ય સ્પેશીફીકેશન | GeM પરથી ખરીદી કરવા માટે કરવામાં આવેલ કામગીરીની વિગત (ટુકમાં) | નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં થનાર અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

## GeM NOC મેળવવા માટે વંચાણે લીધેલ પરિપત્ર ૨ મુજબની સમિતીની ભલામણ

ઉપરોક્ત પત્રકમાં કોલમ નંબર ૨ માં દર્શાવેલ સાધન/ચીજ વસ્તુઓની GeM પરથી ખરીદી કરવા માટે GeM સમિતી દ્વારા પત્રકમાં દર્શાવેલ કોલમ નંબર ૪ પ્રમાણેના પ્રયત્નો હાથ ધરેલ હતા તેમ છતા સાધન/ચીજ વસ્તુઓ GeM પર ઉપલબ્ધ ન થતા સદર ખરીદી યુનિવર્સીટીના નીતિનિયમો અનુસાર GeM બહાર કરવા સરકારશ્રીમાંથી NOC મેળવવા માટે સમિતી ભલામણ કરે છે.

| ક્રમ | નામ | હોદો | **સહી** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | યુનિટ/સબ યુનિટ વડા | અધ્યક્ષ | |
| ૨ | ખરીદી સાથે સંકળાયેલ અધિકારી/ કર્મચારી (વધુમાં વધુ બે) | સભ્ય | |
| ૩ | એકાઉન્ટ સાથે સંકળાયેલ અધિકારી/ કર્મચારી | સભ્ય | |
| ૪ | વર્ગ-૨થી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારી | સભ્ય સચિવ | |
| ૫ | જરૂર હોય તો તકનીકી નિષ્ણાત | આમંત્રિત | |